PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/કવા–૦૩/૧૮–૧૯/ 432-6 તા 10-01-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ધ્રાગુ પરબત આલાભાઇ,
સવા લાખા ની બાજુમાં
ચાર રસ્તા, સલાયા રોડ,
જામ ખંભાળિયા, જિલ્લો દેવભૂમિ દ્વારકા
મો: ૯૯૭૯૦ ૨૫૯૯૮
Pin - 361310

**વિષય :–ખેતરમાં ઘર લાઈટ લાઇટિંગ મેળવવા લાઇટિંગ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૦/કવા–૦૩/૧૮–૧૯)**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૦/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૦૮–૦૧–૧૯ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ધ્રાગુ પરબત આલાભાઇ, ગામ: જામ ખંભાળિયા**

**રજુઆત કરનાર: અરજદાર ધ્રાગુ પરબત આલાભાઇ હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :આર.વી.સોમાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામ ખંભાળીયા**

---

**: હુકમ :**

## ફરીયાદ : ખેતરમાં ઘર લાઈટ લાઇટિંગ મેળવવા લાઇટિંગ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર ધ્રાગુ પરબત આલાભાઇ ગામ:જામ ખંભાળિયા તેઓની અરજી ના નોંધણી નંબર :૬૦/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ તેમના ગામ કુવાડીયાના ગ્રામ પંચાયત ની હદમાં ખેતીવાડી સર્વે નંબર ૧૦૬ મા ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં રૂ.૭૩,૪૨૮/– ડી–કેટેગરી હેઠળ અપાયેલ છે. સદર બાબતે જણાવેલ કે -- તેઓના હૈયાત વીજજોડાણ ની બાજુમાં આવેલ મકાનમાં વીજજોડાણ આપવા માટે પીજીવીસીએલ પક્ષકાર ના સર્વે કરનાર અધિકારી શ્રી ને વિનંતી કરેલ – તેમજ સદર મકાન થી તે જ સર્વે નંબર માં અન્ય મકાન સુધી પાવર અરજદાર તેઓના ખર્ચે અને જોખમે લઈ જશે, તેમ વિનંતી કરેલ, તેમ છતા – તેઓને ડી–કેટેગરી મા રૂ.૭૩,૪૨૮/– નુ ભાવપત્રક ઘરવપરાશ વીજજોડાણ માટે અપાયેલ છે. આમ, અરજદારે તેઓના હૈયાત વીજજોડાણ ની બાજુમાં જ – મકાન મા માત્ર સર્વિસ લગાડીને આપી શકાય તેમ હોવા છતા – અપાયેલ નથી,<br>અરજદાર દ્વારા જણાવાયેલ કે – ભાવપત્રક જીઈઆરસી દ્વારા – જીઈઆરસી / ટેક/૨૦૧૪/ ૧૩૭૮ તા.૨૪–૦૬–૧૪ દ્વારા મંજુર કરેલ ચાર્જીસ સાથે સુસંગત નથી. સદર પરીપત્ર મા દર્શાવ્યા મુજબ – જેમને ખેતીવાડી વીજજોડાણ – જે સર્વે નંબરમાં નથી, તેમની પાસેથી રૂપિયા એક લાખ ( રૂ.૧,૦૦,૦૦૦/– ) ની મર્યાદામાં નવા ઘરવપરાશ વીજજોડાણ માટે ચાર્જીસ વસુલવાનુ મંજુર કરાયેલ છે. જેથી, તેઓના સર્વે નંબરમાં ખેતીવાડી વીજજોડાણ હૈયાત હોય – ફીકસચાર્જ આધારીત ભાવપત્રક આપવુ જોઈએ. આમ, અરજદારે અપાયેલ સદર ભાવપત્રક રીવાઇઝ કરવા – અત્રે ના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ધ્રાંગું પરબત આલા રે. ખંભાળિયા વડતરા સબ ડિવિજન હેઠળ ના કૂવાડિયા ગામે સર્વે નંબર 106 માં લાઇટિંગ વીજ જોડાણ મેળવવા માટે નોંધણી ચાર્જ રૂપિયા ૪૦/- રસીદ નંબર ૪૯૭૦૧૧ તારીખ ૦૩.૧૦.૨૦૧૮ થી ભરપાઈ કરેલ છે. સદર સર્વે નંબરમાં ૮૮૯૩૩.૦૦૨૦૯.૦ (ડવું રાયદે આંબલીયા ના નામથી ) થી ખેતીવાડી વીજ જોડાણ હૈયાત છે.સદર અરજી અન્વયે વડતરા કચેરી દ્વારા તારીખ ૩૦.૧૦.૨૦૧૮ ના રોજ રૂપિયા ૭૩૪૨૮/- નું " ડી કેટગરી" માં અંદાજ પત્ર અરજદાર ને પાઠવેલ છે |

સદર રજૂઆત અન્વયે વડતરા કચેરી દ્વારા સ્થળ નું મોજણી કરતાં અરજદાર ને "બી" કેટીગરી માં વીજ જોડાણ આપવાનું શક્ય હોય તે મુજબ નવી એલટી લાઇન ૧૨૦ મીટર થતી હોય એલટી લાઇન પ્રપોજ કરી રૂપિયા ૨૧૭૭૪/- ની અંદાજ પત્ર રિવાઈજ કરી તારીખ ૦૨.૦૧.૨૦૧૯ થી અરજદાર ને આપેલ છે.

અરજદારા ની રજૂઆત મુજબ ખેતીવાડી જોડાણ ની ઓરડી નવાં માંગણીવાળા મકાનથી ૨૫૦ મીટર દૂર હોય ત્યાંથી માત્ર સર્વીસ વાયર લંબાવી માત્ર ફિક્સ ચાર્જ વસૂલ કરી ઘર લાઇટિંગ નું વીજ જોડાણ આપી ન શકાય

વધુમાં જીઇઆરસી ના પત્ર નં.– જીઈઆરસી/ટેક/૨૦૧૪/૧૩૭૮ તારીખ-૨૪.૦૬.૨૦૧૪ માં જણાવ્યા મુજબ " **In your proposal you have submitted that in case of single phase lighting connection in agriculture land shall be allowed with load limit of not more than 3 KW due to due to technical constraint of SDT & within same survey number where agriculture connection exists. However the commission directs that DISCOMs shall entertain all such application *Including the cases* where the agriculture connection does not exist in the same survey number. However in such case DISCOMS are allowed to recover actual cost as per latest cost data subject to maximum amount of Rs. 1 Lac.**"તેમજ આને અનુસંગિક જીયુવીએનએલ પરિપત્ર No GUVNL/TECH/GERC/SC/1069 DT. 27..06..2014 અને પીજીવીસીએલ ના પરિપત્ર નંબર PGVCL/REG. CELL/T-6373 DT. 20.07.2014 ની જોગવાઈ મુજબ ખેતીવાડીમાં ઘર વપરાસ ના વીજ જોડાણ 3 KW ની મર્યાદા માં રહીને હૈયાત ખેતીવાડી વીજજોડાણ ધરાવતા ન હોય તે સહીત ના (including) અરજદારો પાસે રૂપિયા ૧ લાખની મર્યાદા માં રહી ને ખરેખર થતો ખર્ચ વસૂલ કરી વીજ જોડાણ આપવાની જોગવાઈ કરેલ છે આથી અરજદારને તારીખ ૦૨.૦૧.૨૦૧૯ ના રોજ પાઠવેલ અંદાજ પત્રક બરાબર નિયમાધીન છે, જેથી અરજદારની ફિક્સ ચાર્જ આધારીત અંદાજપત્રક આપવાની રજૂઆત યોગ્ય નથી.

**મુદદા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી અરજદાર ધ્રાંગું પરબત આલા રે. ખંભાળિયા વડતરા સબ ડિવિજન હેઠળ ના કૂવાડિયા ગામે સર્વે નંબર 106 માં લાઇટિંગ વીજ જોડાણ મેળવવા માટે નોંધણી ચાર્જ રૂપિયા ૪૦/- રસીદ નંબર ૪૯૭૦૧૧ તારીખ ૦૩.૧૦.૨૦૧૮ થી ભરપાઈ કરેલ છે.<br><br>સદર સર્વે નંબરમાં ૮૮૯૩૩.૦૦૨૦૯.૦ (ડવું રાયદે આંબલીયા ના નામથી ) થી ખેતીવાડી વીજ જોડાણ હૈયાત છે.સદર અરજી અન્વયે વડતરા કચેરી દ્વારા તારીખ ૩૦.૧૦.૨૦૧૮ ના રોજ રૂપિયા |

| | |
|---|---|
| | ૭૩૪૨૮/- નું " ડી કેટગરી" માં અંદાજ પત્ર અરજદાર ને પાઠવેલ છે.<br><br>અરજદાર ની સદર રજૂઆત અન્વયે વડતરા કચેરી દ્વારા સ્થળ નું મોજણી કરતાં અરજદાર ને "બી" કેટીગરી માં વીજ જોડાણ આપવાનું શક્ય હોય તે મુજબ નવી એલટી લાઇન ૧૨૦ મીટર થતી હોય એલટી લાઇન પ્રપોજ કરી રૂપિયા ૨૧૭૭૪/- ની અંદાજ પત્ર રિવાઈજ કરી તારીખ ૦૨.૦૧.૨૦૧૯ થી અરજદાર ને આપેલ છે.<br><br>વધુમાં વધુમાં જીઇઆરસી ના પત્ર નં.– જીઈઆરસી/ટેક/૨૦૧૪/૧૩૭૮/તારીખ ૨૪.૦૬.૨૦૧૪ માં જણાવ્યા મુજબ " …… **However the commission directs that DISCOMs shall entertain all such application *<u>including the cases</u>* where the agriculture connection does not exist in the same survey number. However in such case DISCOMS are allowed to recover actual cost as per latest cost data subject to maximum amount of Rs. 1 Lac**. "તેમજ આને અનુસંગિક જીયુવીએનએલ પરિપત્ર No GUVNL/TECH/GERC/SC/1069 DT.27.06.2014 અને પીજીવીસીએલ ના પરિપત્ર નંબર PGVCL/REG. CELL/T-6373 DT. 20.07.2014 ની જોગવાઈ મુજબ ખેતીવાડીમાં ઘર વપરાસ ના વીજ જોડાણ 3 KW ની મર્યાદા માં રહીને હૈયાત ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા ન હોય તે સહીતના (including) અરજદારો પાસે રૂપિયા ૧ લાખની મર્યાદા માં રહી ને ખરેખર થતો ખર્ચ વસૂલ કરી વીજ જોડાણ આપવાની જોગવાઈ કરેલ છે આથી અરજદારને તારીખ ૦૨.૦૧.૨૦૧૯ ના રોજ પાઠવેલ અંદાજ પત્રક નિયમાધીન છે, જેથી અરજદારની ફિક્સ ચાર્જ આધારીત અંદાજપત્રક આપવાની રજૂઆત ગ્રાહય રાખવામા આવતી નથી, તે બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>**મુદ્દા નં.–૪ :**</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>**૪.૧**</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.